# પૂરક વાચન

# 1. ઈચ્છાકાકા



**ચૂનીલાલ મડિયા**

**જન્મ : 1922, અવસાન : 1968**

ચૂનીલાલ કાળીદાસ મડિયાનો જન્મ રાજકોટ જિલ્લામાં આવેલા ધોરાજીમાં થયો હતો. તેઓ નવલકથાકાર, નવલિકાકાર, નાટ્યકાર, વિવેચક અને કવિ હતા. 'વ્યાજનો વારસ' વગેરે નવલકથાઓ, 'ઘૂઘવતાં પૂર', 'શરણાઈના સૂર', 'અંતઃસ્રોતો' વગેરે વાર્તાસંગ્રહો, 'રંગદા', 'શૂન્યશેષ', 'રામલો રોબિનહૂડ' વગેરે એકાંકી અને ત્રિઅંકી નાટ્યસંગ્રહો આપ્યા છે. 1957નો રણજિતરામ સુવર્ણચંદ્રક તથા 'રંગદા' નાટ્યસંગ્રહ માટે 1947-51ના નર્મદ સુવર્ણચંદ્રકથી તેઓ સાહિત્યજગતમાં સન્માનિત થયા છે.

આ વાર્તામાં કેન્દ્રસ્થાને ઈચ્છાકાકાનું પાત્ર છે. બધાની નજરમાં આ મહાશય મીઠી ઈર્ષાનું કેન્દ્ર બની ગયા છે, કારણકે 'વરના બાપ'ની જેમ અતિ મહત્ત્વની વ્યક્તિ તરીકે જાનમાં આવેલા સૌનું ધ્યાન ખેંચે છે. શિયાળાની કડકડતી ઠંડીના દિવસોમાં વેવાઈને ત્યાં જાનૈયા થઈને વરરાજા સાથે ગયેલા યુવાવર્ગની આજે એક ઈચ્છા છે કે લગ્નમાં મોડે સુધી હાજરી આપવાની સઘળી જવાબદારી ખબર ના પડે એ રીતે ઈચ્છાકાકાના માથે ઢોળી વેવાઈએ રાખેલા ઉતારામાં ગોદડાં અને ઓઢવાનું મેળવી લઈને, બને તો વધુ ને વધુ સાધનો દબાવીને રાખવાં, જેથી ઠંડીથી રક્ષણ થાય; પછી ભલે બીજાના ભાગે કશું ન વધે ! યુવાન હૈયાંની ધિંગામસ્તી અને ઠઠ્ઠામશ્કરીનું સુંદર શબ્દચિત્ર લેખકે ઉપસાવ્યું છે, તેથી વાર્તા સળંગ રસપ્રદ બની છે.

જાનૈયાઓ જાનીવાસમાં આવ્યા ત્યારે સૌને, ઊંટ મારવું પડે એવી આકરી તરસ લાગી હતી; છતાં, પહેલું કામ પાણી પીવાનું ન કર્યું, પણ પાગરણ ભર્યાં હતાં, એ ઓરડી પર જ હલ્લો લઈ ગયા.

કારણ હતું. પોષ મહિનો હતો. રીંગણી બાળી નાખે એવાં હિમ પડતાં હતાં. તેમાં વળી, ભોગજોગે જાનને ઉતારો પણ ભાદરના મધવહેણ ઉપર ઝળૂંબી રહેલા દરબારગઢમાં મળ્યો, પછી તો ટાઢની કાતિલ અસરનું પૂછવું જ શું ?

હજી તો સમીસાંજ હતી. જાનનાં સામૈયાં પણ નહોતાં થયાં. ત્યાર પછી જમીકારવી સૂવા જવાને તો હજી ભવ એકની વાર હતી. પણ તરસ લાગે, ત્યારે કૂવો ખોદવા બેસાય છે ? અને આ પચ્ચાસ માણસ વચ્ચે સાવ પાપડ જેવી પાતળી ત્રીસ ગોદડી વેવાઈએ આપેલી એ કોને પૂરી થાય ?

સૌએ બબ્બે ગોદડાં બગલમાં મારીને ઉતારાના મનગમતે ખૂણે સંઘરી દીધાં. 'ખાવાનું ન જડે તો કાંઈ નહિ, પણ ઓઢવાનું નહિ જડે, તો આખી રાત ઠૂંઠવાવું પડશે.' આ સૂત્રને નજર આગળ રાખીને જ આ ગોદડાં-લૂંટ ચાલી.

'એલા એય, ઓલો ઇચ્છાકાકો, મારો દીકરો, વરનો બાપ હોય એટલો રુઆબ કરે છે, તો એને આજે ગોદડાં વિનાનો રખડાવીએ તો જ ખરા.'

'હા, હોં ! ઇ વાત સરસ સૂઝી. મારા બેટાને ગોદડાં વગરનો રાખીએ, તો એનેય ખબર પડે કે જડ્યા'તા ખરા જાનૈયા !'

'ઈ જ લાગનો છે. જેતલસરને જકસને ચાના એકેક કોપમાં પણ મારે દીકરે આડી જીભ વાવી. કહે કે, ઇ તો વેવાઈને માંડવે જઈને જ ચા પીશું. આંહીં ટેશનમાં તો ચા મોંઘીદાટ જેવી હોય. એક તો પૈસા વધારે લ્યે, ને પાછી સાવ ભૂ જેવી ચા આપે. આમ કહીને આખી જાનને ચા વિનાની જ રાખી.'

'તો તો આજે એના પર રીગડી કરીએ. વરરાજા ફેરા ફરી લેશે, ત્યાં સુધી ઈ તો વેવાઈને માંડવે હશે, એટલે મોડોમોડો આંહી આવશે... ને આપણે તો બબ્બેની સોડ તાણીને... ઘરડ... ઘરડ...'

પછી સામૈયાં થયાં. વરબેઢિયું આવ્યું અને વેવાઈને ઘેર જઈને વરરાજા તોરણ છબી આવ્યા.

પણ એ તો વરરાજાને કન્યાનો લોભ હતો; જાનૈયાઓને તો જમ્યા સિવાય બીજો કયો લોભ હતો ? પણ ના, આજે તો જાનૈયાઓને જમવાનો પણ એટલો લોભ નહોતો, જેટલો ગાદલાં-ગોદડાં સંભાળવાનો લોભ હતો.

ખાધું ન ખાધું કરીને જાનૈયાઓ તો ઉતારે આવીને પોતપોતાનાં ડબલ ગાદલાંઓ ઉપર પડ્યા. ઊંચેજીવે આવેલા, એટલે ઓડકાર પણ ગાદલાં ઉપર સૂઈને જ ખાધા.

પછી વેવાણો કલવો લઈને આવી, પણ મારા વાલીડાઓ કોઈ ઊભા ન થયા. રખે ને ડિલની હૂંફ આપીને હૂંફાળું બનાવેલું ગાદલું બીજો કોઈ પચાવી પાડે !

છાબ લઈને જવા માટે વરના મામાએ જાનૈયાઓને પડકાર્યા, ત્યારે એ પડકારથી જ કેટલાકનાં નાક ઘરડઘરડ બોલવા લાગ્યાં.

'એલાવ, લાપશી કાંઈ બહુ દાબી છે, તી અટાણમાં સૌનું ઘારણ વળી ગયું ?'

પણ જવાબ આપવા જેવી મૂર્ખાઈ કોઈ કરે ખરું ?

છાબ લઈને પણ વરરાજાના અંગત પાંચ માણસો જ ગયા.

ત્યાં તો પાછળથી બૂમ પડી : 'પાગરણ ઓછું છે, એટલે વેવાઈને કહેજો, ઝટ મોકલી આપે. નહિતર જાનૈયાઓ ટાઢે ઠરશે.'

વેવાઈએ અંતરિયાળ આડોશી-પાડોશીઓના પટારા ઉઘાડાવ્યા.

વાળંદ આવીને ગાદલાં-ગોદડાંનો ઢગલો કરી ગયો.

'એલા એય ! વેવાઈને ઘેરે ઓશીકાં-બોશીકાં છે કે પછી એમ ને એમ જ સૌ સૂએ છે ?'

વાળંદે કહ્યું : 'ભાઈશા'બ ઓશીકાં ન હોય એવું બને ? પણ આટલાં સામટાં માણહને ક્યાંથી પૂરાં પડે ?'

'પૂરાં ન પડે એનો અમને કોઈ વાંધો નથી, ઓશીકાંની જગ્યાએ એકેક ગોદડું મૂકવું પડશે, બીજું શું ?'

સૌએ શહેનશાહના દીકરાઓની જેમ જ લંબાવ્યું.

વેવાઈને ત્યાંથી જાન બહુ મોડે જમીને ઊઠી, એટલે પાછળથી માંડવિયાઓ અને એમના પછી પીરસણિયાઓને જમતાં બહુ સમય લાગ્યો. પછી વધ્યુંઘટ્યું માગણભિખારીઓને આપવામાં અને ચોકો સાફ કરવામાં રાતના બાર વાગી ગયા.

વેવાઈએ વરઘોડાની તૈયારી કરવાનું કહેવડાવ્યું.

વરરાજાએ શણગાર સજવા માંડ્યો.

ધોતિયાની પાટલી ચીપવામાં જેટલો વખત લાગ્યો. એથી ત્રણ ગણો વખત તો સાફાએ લીધો. આજે મોડા-ભેગું મોડું કરાવવું હોય એમ સાફાએ પણ જાણે રૂસણાં લીધાં. કેમે કર્યું વરરાજાના માથા ઉપર ફીંડલું સરખું બેસે જ નહિ. એક વખત બરોબર વીંટાઈ ગયું. પણ અરીસામાં જોતાં લાગ્યું કે કપાળ ઉપર વાળનાં વાંકડિયાં જરીક દેખાતાં રહેવાં જોઈએ એ નથી રહી શક્યાં. બીજી વખત માંડમાંડ એ વાળનું પતાવ્યું, ત્યાં છોગા માટે છેડો ટૂંકો પડ્યો !

છેવટે, જેમતેમ ફીંડલું મૂકી, માથે પીંછી ખોસીને વરરાજા તૈયાર થયા, ત્યારે રાતના એકનો સુમાર થયો હતો.

આ વખતે જાનૈયાઓમાંના ઘણાખરાઓએ તો એકેકી ઊંઘ પણ ખેંચી કાઢી હતી. આવી ત્રણત્રણ ગોદડાં અને બબ્બે ગાદલાંની હૂંફ ક્યાંથી મળે ?

વરઘોડો ચડ્યો ત્યારે બહુ ઓછા જાનૈયાઓ જાગતા હતા - વર, અણવર, વરના બાપ, ઈચ્છાકાકા અને લૂણ ઉતારનાર એક-બે છોકરીઓ. સારું થયું કે માંડવિયાં સ્ત્રીપુરુષો મોટી સંખ્યામાં આવી પહોંચ્યાં હતાં.

હથેવાળો થતાં પણ બહુ વાર લાગી. બે બ્રાહ્મણો સોપારીના ભાગ વહેંચવામાં વઢી પડ્યા, તે એક કલાકે તેમની વચ્ચે સમાધાન થયું. પછી કન્યાદાન દેવાયું. હથેવાળો પત્યો, એટલે ચોરીના થાંભલા ખોડાવા શરૂ થયા.

રાતના અઢી વાગ્યા હતા. ટાઢ કહે કે મારું જ કામ. વરરાજાએ તો લાંબા ડગલાની નીચે એક ગરમ બંડી ચડાવી લીધી હતી, એટલે બીક જેવું નહોતું; પણ કન્યાને હજી હમણાં જ નવડાવી હતી, તેથી આ ઠારને લીધે થરથર ધ્રૂજતી હતી. તેના વાંસાની ધ્રુજારીને લીધે તે પર અઢેલીને પડેલ તેની બહેનનો હાથ જ્યારે થરથર્યો, ત્યારે એણે શાલ લાવીને કન્યાને લપેટી લીધી.

આ ટાણે જાનીવાસામાં જાનૈયાઓ એક પડખું ઊનું થવાથી સોડમાં હળવેકથી બીજું પડખું ફેરવતા હતા.

ઈચ્છાકાકા પાસે સોપારીની થેલી હોવાથી માંડવિયાઓ તેમનો જીવ ખાતા હતા. કેટલીક સ્ત્રીઓએ તો ગીતમાં પણ ઈચ્છાકાકાને ઝડપ્યા :

જોયું જોયું રે ઈચ્છા ! તારું મોટપણું રે,
તેં તો સોપારીના કટકા સારુ હેઠું જોયું રે...

ઠંડીમાં ઈચ્છાકાકા ધ્રૂજતા હતા, છતાં આ લીટીઓ સાંભળતાં ધન્યતા અનુભવી રહ્યા.

વરઘોડિયાં ફેરા ફરી રહ્યાં એટલે સૌ જાનીવાસા તરફ જવા ઊપડ્યા. સૌથી મોખરે વાળંદ કિટ્સન લાઈટ

લઈને ચાલતો હતો. પાછળ વરઘોડિયાં, એની પાછળ અણવર, ઇચ્છાકાકા અને બીડાં લેવા માટે વેવાઈપક્ષનો સ્ત્રીવર્ગ ચાલતો હતો.

ઉતારામાં અત્યારે નસકોરાંનો અવાજ ન ગણીએ, તો સાવ શાન્તિ હતી.

ગોરમહારાજે ગોત્રેજના ચાંદલા આગળ દીવો કર્યો અને બે માટલીઓ ગોઠવી. વરઘોડિયાં કોડી રમવા બેઠાં. ઇચ્છાકાકાએ પોતાને સોંપાયેલો હવાલો હજી છોડ્યો નહોતો.

કોડીની રમત રમાઈ રહી, એટલે વેવાણોએ બીડાં માગ્યાં.

ઇચ્છાકાકા સિવાય બીજો કોઈ પણ માણસ એવી શક્તિઓ નહોતો ધરાવતો, જેને નાણાવિષયક જવાબદારી સોંપી શકાય.

હવે બન્યું એવું, કે બીડાં લેનારી વેવાણોની સંખ્યા ધાર્યા કરતાં ઘણી મોટી નીકળી પડી. એ સૌને જુદી-જુદી રકમનાં બીડાં જમણા હાથની મૂઠીમાંથી ડાબી હથેળીમાં બરોબર, બે વખત ગણીને આપવા જતાં ઘણો સમય વીતી ગયો.

વરરાજાને તો આખા દિવસનો નકોરડો ઉપવાસ હતો અને ઠેઠ મોડેથી ફરાળ મળ્યું હોવાથી, એમાં કાંઈ સોદરી વળી નહોતી. એ તો થાકોડાને લીધે કડકડતું ધોતિયું અને બૉસ્કીના પહેરણ સોતા, કરચલી પડવાની પણ બીક રાખ્યા વિના ખાટલામાં પડ્યા.

અણવર પણ આખા દિવસની ઑનરરી - માનાર્હ - મજૂરી કરી હોવાથી થાકીને ટેં થઈ ગયો હતો. તેમણે પણ જગ્યા કરીને લંબાવ્યું.

વરના બાપા તો આગલી રાતે રૂપિયાની કોથળીઓ ગણવા આડે ઊંઘી જ નહોતા શક્યા. તેમાં વળી આજની પણ પોણી રાત ભાંગી. આજના ખરચનો હિસાબ આવતી સવારે લખવાનું નક્કી કરી, તેમણે પણ કબજો ઓશીકા નીચે મૂક્યો.

લૂણાગરી છોકરીઓ તો આમેય ઊંઘતી જ હતી. એ તો બિચારી આવતાંવેંત જ ઢળી પડી.

ઇચ્છાકાકાને વેવાણોએ બીડાં માટે બહુ રોકી રાખ્યા. રાતના ત્રણને ટકોરે ઇચ્છાકાકા દાખલ થયા, ત્યારે ઓરડામાં ત્રણસે કૅંડલ પાવરની ફૂંફાડા નાખતી કિટ્સન લાઇટ સિવાય બીજું કોઈ જાગતું નહોતું. જાનૈયાઓ બધુંય પાગરણ વીણીચૂણીને દબાવી સૂતા હતા અને અત્યારે કેવી મીઠી ઊંઘ માણી રહ્યા હતા ! બેટમજીઓએ કરી છે ને કાંઈ !

હવે પાંસળાં વીંધી નાખે એવી ટાઢમાં કરવું શું ? સૂવાની તો ક્યાંય જગ્યા જ નહોતી. ડિલ પણ પાતળું નહોતું, નહિતર સાંકડેમોકળે પણ કોઈ બે જણની વચ્ચે સમાસ કરી શકાત. પણ હવે ઊંઘ્યા વિના કાંઈ હાલશે ? ...ને સૂવાની જગ્યા તો ધારો કે કદાચ મળી હોત; તોપણ ઓઢવાનું શું ? નવાબજાદાઓએ ઓશીકે પણ ગોદડાં જ મૂક્યાં છે !

અને આવી મોડી રાતે પાગરણ લેવા વેવાઈને ત્યાં પણ કોણ જાય ? વાળંદ પણ હમણાં જ વીંઝણો લઈને માંડવે વહ્યો ગયો. પગલાંનો જ ફેર પડ્યો.

ઈચ્છાકાકા મૂંઝાય અને એનો તોડ ન આવે એવું બને ?

ખાળની ચોકડી પાસે જે બે જણ સૂતા હતા, તેમની વચ્ચે સહેજ પોલાણ રહી જવા પામેલું, એમાં હળવે...ક રહીને ઈચ્છાકાકાએ પડખાભેર ઉભડક જેવી સ્થિતિમાં લંબાવ્યું.

પણ આમ જો આખી રાત પડ્યો રહું તો-તો હાડકાંના સાંધા જ રહી જાય ને ! ને એકથરાં નળિયાંવાળા ખપેડામાંથી સીધા વરસતા ઠારમાં ઠૂંઠવાઈ જ જાઉં કે બીજું કાંઈ થાય ?

છેવટે ઈચ્છાકાકાએ એક તુક્કો અજમાવ્યો.

પડખામાં જે જણ સૂતો હતો, એના વાંસા ઉપરથી પહેરણ ઊંચું કરીને હળવેક રહીને, ત્યાં કાકાએ પોતાની જીભ ફેરવી !

પેલો ભડકીને જાગી ગયો. આંખમાં ભરેલી ઊંઘને કિટ્સન લાઇટનો ઉજાસ આંજી નાખતો હતો. પાછળ વાંસામાં કૂતરું જીભ ફેરવી ગયું હોય એમ ભીનું-ભીનું લાગતું હતું. પણ કૂતરું તો અહીં... અત્યારે ક્યાંથી આવે ? ત્યારે કોઈ માણસે...?

'કાં ઈચ્છાકાકા...'

ઈચ્છાકાકાએ ફરીથી એના પગની ઘૂંટી ઉપર જીભ ફેરવી !

'આ શું, ઈચ્છાકાકા ? શું થયું છે ?'

ઈચ્છાકાકાના મોંમાંથી લાળ ચાલી જતી હોય, એમ પેલો ઊંઘભરી આંખે પણ કળી શક્યો.

'શું થયું છે ઈચ્છાકાકા ?'

ઈચ્છાકાકાને હેડકી ઊપડી હોય એમ તેઓ હ...ક્...હ...ક્...હ...ક્... કરી રહ્યા હતા. તેમાં વચ્ચે-વચ્ચે તેઓ ત્રુટક શબ્દો બોલ્યા : 'તમે કોઈ, હ...ક્, જરાયે ગભરાતા નહિ હો ! હ...ક્ ઈ તો હું આજ સવારે ઓલ્યું કૂતરું...હ...ક્... સહેજ દાઢ બેસારી...હ...ક્... તમે કોઈ જરાય બીજો મા હ...ક્...'

પેલાને સમજતાં વાર ન લાગી કે ઈચ્છાકાકાને હડકાયું કૂતરું આભડ્યું છે ને લબરકી શરૂ થઈ છે. તુરત એણે ઊભા થઈને ગોળામાંથી પાણીનો કળશો ભર્યો અને જ્યાં-જ્યાં ઈચ્છાકાકાએ જીભ ફેરવી હતી, ત્યાં-ત્યાં સાફ કરી નાખ્યું. 'પાડ માનું ભગવાનનો કે બટકું ન ભર્યું, નહિતર ભેગાભેગી મનેય લબરકી ને એમાંથી હડકવા જ થાત કે બીજું કાંઈ ?'

'હવે ઈચ્છાકાકાની પડખે સુવાય ખરું ? ઊઠીને બટકું ભરી લે-તો પછી એનો ટાંટિયો વાઢવો મારે ?'

પેલો ગભરામણમાં જ બહાર નીકળી ગયો. ત્યાં એક ફાટેલું બૂંગણ પડ્યું હતું. તેના અર્ધા ભાગ પર લંબાવી, બાકીનું અર્ધું માથે ઓઢી લીધું અને લબરકી ન થાય, તો ઘેર જઈને શનિવારે હરમાનને નાળિયેર વધેરવાની બાધા લીધી.

આજે ઈચ્છાકાકા ઉપર અડી કરવાના આશયથી અને એમની રીગડી થાય છે, એ જોવાની મજા માણવા સારુ ઘણાખરા જાનૈયાઓ ઊંઘ્યા જ નહોતા અને ગોદડાંમાં મોં સંતાડીને મૂછમાં હસતા હતા.

ઈચ્છાકાકાની હેડકીનો હ...ક્ હ...ક્ અવાજ સાંભળીને તેમના જમણે પડખે સૂતેલો બીજો જણ પણ હળવેકથી ગોદડું ખસેડીને ઊભો થયો.

ઈચ્છાકાકાએ કહ્યું : 'હ...ક્, કાં એલા કીરપા, હ...ક્ ઊભો કાં થ્યો ? ...હ...ક્, તું જરાય બીજે મા હો... હ...ક્...'

અને વાક્ય પૂરું કરતાં તો તેમના પાન ખાધેલ મોંમાંથી લાળનો કોગળો નીકળી પડ્યો.

કીરપો કહે, 'કાકા, આંહીં, મારો સાળો ઘામ બહુ થાય છે. હું બારો ઓશરીમાં જાઉં છું.'

કીરપો બહાર ગયો. બધાએ બહાર જઈને કાકાની લબરકી વિષે બીતાં-બીતાં ગુસપુસ કરવા માંડી. તેમનામાંના કોઈ અનુભવીએ કહ્યું કે, હડકવામાં દરદીને માથે ગોદડાં નાખતાં મેં જોયાં છે ખરાં. એને માથે ગમે તેવું કાંઈક ભારે વજન નાખી રાખવું જોઈએ, એટલે ઊભો ન થઈ શકે ને બીજા કોઈને આભડે નહિ.

સૌનાં પેટમાં ફડક્-ફડક્ થતું હતું, કે આપણે તો સવાર સુધી જાગતા જ બેસવું છે એટલે વાંધો નહિ; પણ ન કરે નારાયણ ને આ બીજા ઊંઘનારામાંથી કોકને ઈચ્છોકાકો દાઢ બેસાડી દીએ, તો તો રામકહાણી જ થાય ને ?

તુરત સૌએ પોતપોતાનાં ઓઢેલાં, અને એ સિવાય ઓશીકે-પાંગતે મૂકેલાં બધાંય ગોદડાં વીણીચૂણીને ઈચ્છાકાકાને ઓઢાડી દીધાં અને બહાર ઓશરીમાં, ભાદરની પાટમાં વીંઝાતા હિમ જેવા સુસવાટામાં અને માથે ખપેડામાંથી વરસતા ઠારમાં ખોડચાની જેમ ઠૂંઠવાતા બેસી રહ્યા.

ઈચ્છાકાકાને હૂંફ વળી, એટલે તેમની હેડકી બેસી ગઈ !

બે દિવસના ઉજાગરા વેઠેલા ઈચ્છાકાકા તે દિવસે ઊંઘ્યા છે કાંઈ !

## ટિપ્પણ

**જાનીવાસો** જાનનો ઉતારો **હલ્લો** ધસારો, હુમલો **હિમ પડવું** અતિશય ઠંડી પડવી **ઝળૂંબવું** ઝૂકવું **કાતિલ** કતલ કરે એવું, ઘાતક **ગોદડી** કપડાંના કકડા વગેરે ભરીને બનાવેલું હલકું, પાતળું ઓઢણ કે પાથરણું **ઠૂંઠવાવું** ઠંડીથી અકડાઈ જવું - ધ્રૂજવું **રુઆબ** રોફ **આંહી** અહીં **ટેશન** સ્ટેશન **સામૈયું** સામું આવવું (અહીં) વાજતે-ગાજતે વરરાજા-જાનને સામે લેવા જવું, જાનનો સત્કાર કરવો **વરબેઢિયું** વરબેડિયું (વર .. બેડું) (કુમારિકાને માથે બેડું કે કળશ મૂકી) વરને વધાવવાનો એક લગ્નવિધિ **તોરણ છબવું** માંડવે જઈને વરરાજાએ તોરણને સ્પર્શ કરવાનો વિધિ **ઓડકાર** વરને કન્યાપક્ષ તરફથી મોકલાતો કંસાર **મસે** મશે, બહાને **અટાણમાં** અત્યારમાં (ખૂબ વહેલું હોવાનો ભાવ છે) **ધારણ** ઘોર નિદ્રા, ઊંઘથી ઘોરવું તે **પાગરણ** પથારીનો સામાન **પટારો** મોટી પેટી **માંડવિયાઓ** કન્યાપક્ષના માણસો **પીરસણિયાઓ** રસોઈ પીરસનારા માણસો **સુમાર** આશરો (અહીં) વખત, સમય **વરઘોડો** પરણવા જતા વરની સવારી **અણવર** વરની સાથે આવેલો સાથી (ઘણું કરીને વરનો બનેવી અણવર બનતો હોય છે.) **લૂણ ઉતારવી** બલા દૂર કરવા પાત્રમાં મીઠાના ગાંગડા નાખી તે માથા પર ફેરવવું **હથેવાળો** વરકન્યાના હસ્તમેળાપનો વિધિ, પાણિગ્રહણ **કન્યાદાન** કન્યાને વિધિવત્ પરણાવવી તે, તે વખતે કન્યાને અપાતી પહેરામણી **ચોરી** વરકન્યા પરણવા બેસે તે મંડપ, માહ્યરું **ખોડવું** રોપવું **વાંસો** બરડો, પીઠ **અઢેલવું** ટેકો દેવો **કિટ્સન લાઈટ** ગૅસથી બળતી એક પ્રકારની બત્તી **વરઘોડિયાં** નવદંપતી **બીડું** (અહીં) વરપક્ષ તરફથી

કન્યાપક્ષની સ્ત્રીઓને આપવામાં આવતો લાગો **ગોત્રેજ** ગોત્રજ, કુલદેવતા, ગોતરજ **નકોરડો** કશું ખાધા વિનાનો **ફરાળ** ઉપવાસમાં ખવાતાં ફળો અને અન્ય વાનગીઓ **થાકોડો** થાક **બૉસ્કી** એક પ્રકારનું રેશમી કાપડ **સોતું** સહિત **માનાર્હ** વેતન લીધા વગર કામ કરનારું, માનદ **પોણું** આખામાં પા ઓછું (એકના ચાર સરખા ભાગમાંથી ત્રણ ભાગ જેટલું, ૩/૪, ૦ાા) **સમાસ** સમાવું તે, સમાવેશ **તોડ** નિકાલ **ઉભડક** અર્ધું ઊભું, નિરાંત વગર બેઠેલું **એકથરાં** એક થરવાળા **ખપેડો** ઉપરનું છાપરું **ઠાર** ઠંડી **તુક્કો** મનનો તરંગ **હેડકી** ભારે શ્વાસનું ડચકું **લબરકી** ('લબરકો' પરથી) લપકારો, જીભને લબૂક-લબૂક બહાર કાઢવી તે **બૂંગણ** ગાડામાં પાથરવાની મોદ **હરમાન** હનુમાનજી **બાધા** માનતા, આખડી **ઘામ** તાપ, ઉકળાટ, બફારો **બારો** (ઓરડાની) બહાર **રામકહાણી** વીતકકથા, દુ:ખની કહાણી **પાંગત** પથારી કે ખાટલાનો પગ તરફનો ભાગ, પાંગથ **ખોડચું** ઝાડનું જૂનું થડિયું, મોટું લાકડું

## ● રૂઢિપ્રયોગ

**ઊંટ મારવું પડે એવી તરસ લાગવી** - ખૂબ જ તરસ લાગવી

**રીગડી કરવી** - હેરાન કરવું

**આડી જીભ વાવવી** - અવરોધ ઊભો કરવો, ના પાડવી

**પચાવી પાડવું** - બથાવી પાડવું

**સોદરી વળવી** - સંતોષ થવો, તૃપ્તિ થવી

**પાડ માનવો** - ઉપકાર-આભાર માનવો.

**દાઢ બેસાડવી** - બચકું ભરવું

●

# 2. આવકારો




**દુલા ભાયા કાગ**

**જન્મ : 1902, અવસાન : 1977**


કવિ દુલાભાઈ ભાયાભાઈ કાગનું વતન અમરેલી જિલ્લાનું મજાદર ગામ છે. તેઓ લોકગાયક અને લોકવાણીના મરમી હતા. સમગ્ર ગુજરાત તેમને 'ભગતબાપુ' તરીકે ઓળખે છે. તેમના 'કાગવાણી' સંગ્રહો બહોળી પ્રસિદ્ધિ ધરાવે છે.

'આવકારો' ભજનના લોકઢાળમાં રચાયેલ કાવ્ય છે. એમાં આતિથ્યધર્મની વાત સાહજિક રીતે અભિવ્યક્ત કરવામાં આવી છે કવિએ આપણી 'અતિથિદેવો ભવ'ની ભાવના આ કાવ્યમાં સરળતાથી વણી લીધી છે. આપણા આંગણે કોઈ મહેમાન પધારે, ત્યારે એને મીઠો આવકારો આપવાનું કવિ કહે છે, એટલું જ નહિ એ કોઈ દુઃખ, મુશ્કેલી કે સંકટમાં હોય તો તે દૂર કરવા સહયોગી બનવું જોઈએ. મનુષ્યે મનુષ્યને સંકટ સમયે હંમેશાં મદદરૂપ થવું જોઈએ. અતિથિની વાતને આદરપૂર્વક સાંભળીને તેના દુઃખમાં સહાનુભૂતિ વ્યક્ત કરવી તેમજ સાથે બેસી ભોજન કરવું અને મહેમાનને આત્મીયતાપૂર્વક વિદાય કરવાની વાત આ ભજનમાં વ્યક્ત થઈ છે.



હે જી તારાં આંગણિયાં પૂછીને જે કોઈ આવે રે
આવકારો મીઠો આપજે રે...જી.
હે જી તારી પાસે રે સંકટ કોઈ સંભળાવે રે,
બને તો થોડું કાપજે રે...જી... આવકારો.
માનવીની પાસે કોઈ માનવી ન આવે રે...,
હે જી તારા દિવસો દેખીને દુઃખિયાં આવે રે... આવકારો.
કેમ તમે આવ્યા છો ? એમ નવ કહેજે,
હે જી એને ધીરે રે ધીરે તું બોલવા દેજે રે... આવકારો.
વાત એની સાંભળી, આડું નવ જોજે,
હે જી એને માથું રે હલાવી હોંકારો તું દેજે રે... આવકારો.
કાગ એને પાણી પાજે, ભેળો બેસી ખાજે રે.
હે જી એને ઝાંપા રે સુધી તું મેલવાને જાજે રે... આવકારો.

## ● ટિપ્પણ

**સંકટ** મુશ્કેલી **દિવસો દેખીને** (અહીં) તમને સુખી જોઈને. **હોંકારો** હુંકારો કરવો. **ભેળો બેસી** સાથે બેસી **ઝાંપા સુધી** ગામના પાદર સુધી **મેલવા** વળાવવા, વિદાય આપવા

# 3. ઘડતર



**પ્રતાપસિંહ હ. રાઠોડ 'સારસ્વત'**

**જન્મ : 1-6-1941**

કવિ પ્રતાપસિંહ હરિસિંહ રાઠોડનું વતન સાબરકાંઠા જિલ્લાનું સીતવાડા ગામ છે. તેઓ શિક્ષક અને આચાર્ય તરીકે નિવૃત્ત થયા છે. 'મથામણ' અને 'વાછરોટ' એમના કાવ્ય-સંગ્રહો છે. 'જવારા' એમનું લોકસાહિત્યનું પુસ્તક છે. એમણે એક નવલકથા પણ આપી છે.

''ઘડતર' સૉનેટમાં શાળાને તીર્થ સાથે સરખાવી છે. શાળા વિદ્યાર્થીનો સર્વાંગીણ વિકાસ કરે છે, તો સાથેસાથે વિશ્વબંધુત્વ, સમભાવ, પર્યાવરણપ્રીતિ, વિનય, વિવેક, સામાજિક મૂલ્યોની જાળવણી સાથે મૌલિક મૂલ્ય સ્થાપનની પ્રેરણા પૂરી પાડે છે. મા-બાપના જેવું જ વરદ્-તીર્થ એવી શાળાની મંગલકથા - ઘડતરપ્રથા ચિરસ્થાયી રહો, એવો આદર ને પ્રેમ આ સૉનેટમાં વ્યક્ત થયો છે.

જવાને શાળામાં મન થનગને મોર થઈને;  
જતા નિત્યે પ્રીતે દફતર ભરી સજ્જ થઈને.  
મળેલા સંસ્કારો સભર ભરી માનીય મમતા;  
ઉમેરાતાં એમાં નિતનિત નવાં ભાવ-ક્ષમતા.  
ભણી નોખા-નોખા વિષય મળતી દૃષ્ટિ નવલી;  
અને યોગે-ધ્યાને કસરત કરી, કાય કસવી.  
પછી ચિત્તે હૈયે મન પર પડી, ભાત ઉમદા;  
ખરે વિદ્યા સોહે વિનયભર વ્યવહાર કરતાં !  
વિવેક આનંદે સમરસ થશે જીવન-લીલા;  
સમાજે ચીંધેલા નિયમ, ભરવાં મૂલ્ય નવલાં.  
ભૂંસાયા ભેદો સૌ હૃદય જગબંધુત્વ ભજશું;  
પશુ, પંખી વૃક્ષો સહુય-સહ-અસ્તિત્વ રચશું.  
ઉછેર્યાં મા બાપે પણ અવર, તું, તીર્થ વરદા;  
ટકી રહે તારી મા ! ઘડતરપ્રથા, મંગલકથા !

## • ટિપ્પણ

**થનગને** નાચે **નિત્યે** હંમેશાં **નોખા નોખા** જુદા-જુદા **દૃષ્ટિ** નજર **નવલી** નવી **કાય** કાયા, **કસવી** પરખ કરવી, ચકાસણી કરવી. **ચિત્તે** મને, ચિત્તથી **ખરે** ખરેખર **સોહે** શોભે **વ્યવહાર** આચરણ, વ્યવહાર **ભૂંસાયા** નાશ પામ્યા **અવર** બીજા **વરદા** વરદાન આપનાર, કૃપાળુ

# 4. વિરલ ત્યાગ



ડૉ. ગંભીરસિંહ ગોહિલ

જન્મ : 8-6-1934

ડૉ. ગંભીરસિંહ ગોહિલ ભાવનગર જિલ્લાના સેદરડા ગામના વતની છે. ભાવનગરની શામળદાસ કૉલેજના નિવૃત્ત આચાર્ય છે. ગુજરાત રાજ્ય શાળા પાઠ્યપુસ્તક મંડળના ચૅરમેન તથા ઑલ ઇન્ડિયા એસો. ઑફ ટૅક્ષબુક ઑર્ગેલ. ગુજરાત સ્ટેટ ફેડરેશન ઑફ કૉલેજ પ્રિન્સિપાલ એસોસિએશન જેવી સંસ્થાઓમાં પ્રમુખ તરીકે અગાઉ સેવા આપેલ છે. તેમણે 'નર્મગદ્ય', 'અક્ષરલોકની યાત્રા'નું સંપાદન કરેલ છે. તેમણે 'ખિસકોલી તો ખિસકોલી જ', 'પંખીડું ઊડી-ઊડી જાય' બાળવાર્તાસંગ્રહો આપ્યા છે. 'ગુજરાતી હિંદી વિવેચનસાહિત્ય-એક અધ્યયન - 2009', 'ગ્રંથવિવેક' 2010 અને 'ગ્રંથવિશેષ' 2011નું ખેડાણ પણ કરેલ છે.

સ્વતંત્રતા મેળવવાના સમયે ભારત જુદાં-જુદાં રજવાડાંઓ, અંગ્રેજ એજન્સીઓ, સ્ટેટ વગેરેના શાસન હેઠળ વહેંચાયેલું હતું, એ સમયે અખંડ ભારત બનાવવા માટે તે સમયના ભાવનગર રાજ્યના મહારાજા કૃષ્ણકુમારસિંહજીએ પોતાના રાજ્યને સ્વતંત્ર ભારતમાં સૌપ્રથમ અર્પણ કરવાનું ઔદાર્ય રાષ્ટ્રપિતા ગાંધીજી સમક્ષ દાખવ્યું. વળી, પોતાનું રાજ્ય પૂ.બાપુને ચરણે ધરવાના મહારાજાના કાર્યને એમનું સદ્ભાગ્ય ગણાવતાં મહારાણી વિજયાબાની વિરલ ત્યાગભાવનાનાં પણ દર્શન થાય છે. આવા પ્રસંગને લેખકે અહીં આબેહૂબ રીતે વર્ણવ્યો છે. ગાંધીજીના ટ્રસ્ટીશિપના સિદ્ધાંતની વાત પણ અહીં રજૂ કરવામાં આવી છે.



દિલ્હીનું બિરલાહાઉસ.

સ્વાતંત્ર્ય પછીના દિવસોમાં દેશની સંવેદનાઓનું કેન્દ્ર.

તે હતી 1947ના ડિસેમ્બરની 17મી તારીખ. અંધકારભરી રાત્રીના 11નો સમય. આસપાસ બધું સૂમસામ. શિયાળાની ઠંડક.

ગાંધીજીનું એ નિવાસસ્થાન, પ્રવચનો, અગત્યના કાગળો વગેરે જોઈને તેઓ પરવાર્યા છે.

ગાંધીજીનાં અંતેવાસી મનુબહેન ગાંધીને સૂચના અપાઈ ગઈ છે : 'દરવાજે સમય કરતાં પાંચેક મિનિટ વહેલી ઊભી રહેજે. મુલાકાતીને આવકારી અંદર લાવજે.'

ગાંધીજી પાસે તો વાઈસરૉય સહિતના અનેક મુલાકાતી આવે છે. તેમના માટે પણ આવી તૈયારી ક્યારેય રખાતી નથી. 'તેમને બરાબર સારી રીતે આવકાર આપજે,' એવું ફરીથી જણાવી ગાંધીજીએ મનુબહેનને સતત આશ્ચર્યમાં રાખ્યાં છે.



બિરલાહાઉસના દરવાજે એક કાર આવીને ઊભી રહે છે. બે મહાનુભાવો ઊતરીને મનુબહેન સાથે અંદર આવે છે.

મધ સાથે ગરમ પાણી પી રહેલ ગાંધીજી ઓરડામાં ગાદલા પર બેઠા છે, અતિથિ માટે ખુરશીની વ્યવસ્થા રખાઈ છે, પણ તેઓ નીચે બેસવાનો આગ્રહ રાખે છે.

આવનારને જોઈને હાથમાંનો પ્યાલો મનુબહેનને આપીને ગાંધીજી ઊભા થાય છે. બાથરૂમ જવું હશે, એમ ધારી મનુબહેન ચાખડી લેવા જાય છે. ગાંધીજી અતિથિને હાથ જોડી સત્કાર કરીને બેસી જાય છે.

મનુબહેન માટે અતિથિ અજાણ્યા નથી. ગાંધીજીએ તેમના માટે રાખેલી દરકાર એ નવી બાબત છે. બંધ ગળાનો લાંબો કોટ, સુરવાળ અને ફરની કાળી ટોપી પહેરીને આવેલા મુલાકાતી ભાવનગરના મહારાજા કૃષ્ણકુમારસિંહજી છે. સાથેના સફેદ ફેંટાવાળા દીવાન અનંતરાય પટ્ટણી છે, જેમને બીજા ખંડમાં બેસાડવામાં આવ્યા છે.

મહારાજા ગાંધીજીને એકલા મળે છે. મંત્રણાનો વિષય છે દેશી રજવાડાંઓ અંગેનો. દેશી રજવાડાંઓ સ્વાતંત્ર્ય પછીની પરિસ્થિતિ અંગે ભારત સરકાર સાથે વાટાઘાટો ચલાવી રહ્યાં છે. કાશ્મીર, હૈદરાબાદ વગેરે રાજ્યોના સળગતા પ્રશ્નો છે. સરદાર વલ્લભભાઈ પટેલ રિયાસતી ખાતાના પ્રધાન તરીકે તેનો ઉકેલ લાવવા મથામણ કરી રહ્યા છે.

અંગ્રેજ સરકારની જ્યાં હકૂમત હતી તે સર્વ પ્રદેશો ભારત અને પાકિસ્તાનને મળ્યા. સ્વાતંત્ર્ય મળ્યું : પણ અખંડ હિંદ ન રહ્યું. દેશના ભાગલા પડ્યા. તેની પછવાડે અંગ્રેજોની કુટિલ રાજનીતિ હતી. તેનો હવે બીજો તબક્કો શરૂ થઈ ગયો હતો. દેશના ફરી ભાગલા પડે તે માટે જુદાં-જુદાં પરિબળો કામ કરી રહ્યાં હતાં. તે બાબત હતી દેશી રાજ્યો અંગેની.

દેશી રાજ્યો પર અંગ્રેજ સરકારની સીધી હકૂમત નહોતી. તેમના વચ્ચે કરારો હતા. આ કરારો અંગ્રેજ સલ્તનતની સર્વોપરી સત્તા સાથે થયેલા હતા. સ્વાતંત્ર્ય મળતાં ભારતીય ઉપખંડમાંથી સર્વોપરી સત્તા ચાલી ગઈ. સાદી ભાષામાં કહીએ, તો દેશી રાજ્યો સ્વતંત્ર થયાં. તેમનું ભવિષ્ય તેમણે નક્કી કરવાનું હતું. તેઓ નિર્ણય કરે તેના પર દેશની એકતાનો આધાર હતો.

આવા બારીક સમયે રાજસ્થાનના રાજાઓ, અન્ય રાજવીઓ અને સૌરાષ્ટ્રનાં 222 રજવાડાંઓ અવનવી યોજનાઓ વિચારી રહ્યાં હતાં. કાશ્મીર, હૈદરાબાદ, જૂનાગઢ વગેરે રાજ્યોમાં પાકિસ્તાન દ્વારા પ્રશ્નો ઊભા કરવામાં આવ્યા. જૂનાગઢનો પ્રશ્ન તાજેતરમાં જ ઉકેલાયો હતો. ત્રાવણકોર રાજ્યે સ્વતંત્ર થવાની જાહેરાત કરી અને પાછી ખેંચી લીધી. કોઈક રાજપૂત રાજા પણ પાકિસ્તાન સાથે ભળવાની છૂપી વાટાઘાટો ચલાવી રહ્યા હતા. જામનગરના જામસાહેબ જેવાએ જામજૂથ યોજના વિચારી જોઈ હતી. સરદાર પટેલને દેશી રાજ્યોના પ્રશ્નોનો ઉકેલ નજીક દેખાતો નહોતો.

સત્તા છોડવાનું કોઈને પણ ગમે નહિ. રાજાઓને કેમ ગમે ? સત્તા સાથે પ્રતિષ્ઠા નામના, સંપત્તિ, સાહ્યબી, દેશવિદેશના પ્રવાસો વગેરે ઘણું સંકળાયેલું હોય છે. બધું એકઝાટકે ચાલ્યું જાય તે શી રીતે સહન થાય ? સદીઓથી ભોગવેલી જાહોજલાલી છોડવા રાજવીઓનું મન માનતું નહોતું. ભાવનગરના મહારાજા કૃષ્ણકુમારસિંહજી જેવા ઇતિહાસનાં પરિવર્તનોને ઓળખનારા દેશભક્ત રાજવીઓ બહુ ઓછા હતા.

કૃષ્ણકુમારસિંહજી જુદી માટીથી ઘડાયેલા હતા. તેમણે સામેચાલીને ગાંધીજીની મુલાકાત માગી હતી. પોતાની તેર વરસની ઉંમરે ભાવનગરના નીલમબાગ પૅલેસમાં ગાંધીજી સામે ચાલીને મળવા આવેલા. તે વિવેક અને સદ્‌ભાવ તેઓ ભૂલ્યા નહોતા.

હાલની ઐતિહાસિક મુલાકાત પહેલાં મહારાજાએ કેટલુંક વિચારી લીધેલું હતું. દેશના ભાગલા પડ્યા તેનું તો તેમને દુઃખ હતું જ, પણ ફરીથી તેવું કંઈક પણ થાય તે તેમનાથી સહન થાય તેમ ન હતું. દેશની એકતા ખાતર સાત સૈકા જૂની પોતાની રાજ્યસત્તા, જનક-વિદેહીની જેમ નિર્લેપ બનીને, નિષ્કપટભાવથી, છોડી દેવાનો નિર્ણય કરીને તેઓ આવ્યા હતા. તેમનાં પગલાંમાં દૃઢતા હતી.

'મારી પ્રજા સુખી રહો' એવો મુદ્રાલેખ ધરાવનાર મહારાજા લોકો માટે કંઈક જતું કરીને સંતોષ અનુભવનાર અનોખા માનવી હતા. ગાંધીજીને રૂબરૂમાં તેમણે પોતાનો નિર્ણય કહી સંભળાવ્યો. મહાત્માજી કહે, 'રાણીસાહેબને અને તમારા ભાઈઓને પૂછ્યું છે ?' જવાબ મળ્યો, 'મારી ઇચ્છામાં રાણીસાહેબની ઇચ્છાનો સમાવેશ થઈ જાય છે. તેમની પ્રેરણાથી બધું કરું છું.'

દસ-પંદર મિનિટ ચાલેલી ચર્ચામાં મહારાજાએ પોતાની રાજ્યસત્તા ગાંધીજીના ચરણે ધરી દીધી. તે નિમિત્તે જે કોઈ પગલાં લેવાનાં થાય તે તેઓ ગાંધીજીના માર્ગદર્શન પ્રમાણે લેશે. રોકડ, મિલકતો વગેરે તેઓ જવાબદાર રાજતંત્રને સોંપી દેશે. ગાંધીજીની સંમતિ હશે, એટલી જ ખાનગી મિલકતો રાખશે. સાલિયાણું જે ગાંધીજી નક્કી કરી આપશે તે જ લેશે.

મહારાજાની લાગણીભીની રજૂઆતથી ગાંધીજી ચકિત થઈ ગયા. હિંદનાં બધાં દેશી રજવાડાંમાં રાજાએ પ્રજાના સેવક બની ટ્રસ્ટી તરીકે રહેવું જોઈએ, એવી માન્યતા તેમણે વ્યક્ત કરેલી હતી. તે સિદ્ધાંત જીવંત રીતે અપનાવવાનું સંપૂર્ણ માન તેમણે કૃષ્ણકુમારસિંહજીને આપ્યું.

આ મહારાજા તો મહારાજા જ છે એમ ગાંધીજીએ કહ્યું : સાવ નિર્દોષ બાળક જેવો સ્વભાવ છે. ઉત્તમ વૃત્તિ તેઓ ધરાવે છે. અદ્‌ભુત માણસ છે. પોતે મહારાજાને સ્પષ્ટ રીતે કહી સાવચેત કર્યા કે બીજા રાજાઓ કદાચ તેમની નીતિ વખોડશે. તેમ છતાં મહારાજા તેમના નિર્ણયમાં મક્કમ રહ્યા.

ગાંધીજીએ કહ્યું : 'આવા થોડાક રાજાઓ જો મને મળે, તો દેશનો વહીવટ તેઓના હાથમાં મૂકતાં જરાય ખચકાઉં નહિ. આ રાજાઓને રાજ્ય ચલાવવાનો જે બહોળો અનુભવ અને જ્ઞાન છે, તે અત્યારનાઓને નથી. આ રીતે આ લોકો ખૂબ કામના છે.

ગાંધીજીના મનમાં કૃષ્ણકુમારસિંહજીની ભાવના એટલી ઊંડે સુધી વસી ગઈ હતી કે જવાહરલાલજી, સરદાર વગેરે નેતાઓને તેઓ હર્ષભેર આ વાત કહેતા રહ્યા. સરદારે તો મહારાજા સાથે રૂબરૂ વાત કરીને તેમના નિર્ણયના

અનુસંધાને આગળની કાર્યવાહી શરૂ કરાવી દીધી હતી. મહાત્માજી પોતાની પ્રતીતિ સૌને જણાવતા રહ્યા કે સૌ રાજાઓએ કૃષ્ણકુમારના માર્ગે ચાલ્યા વિના છૂટકો નથી. મહારાજાને વળાવવા ગાંધીજી જાતે બહાર નીકળી તેમની કાર સુધી ગયા હતા.

ગાંધીજી દ્વારા કોઈ મહાનુભાવને આવકારવા-વળાવવાનો આવો વિધિ થતો નહોતો. મનુબહેને તો પૂછી પણ લીધું, 'બાપુ, તમે ઊભા કેમ થયા હતા ?' ગાંધીજીએ સ્પષ્ટતા કરી કે તેઓ ભાવનગરની શામળદાસ કૉલેજમાં ભણેલા એટલે મહારાજાને તેમણે માન આપવું ઘટે.

મનુબહેને મહારાજાનું એક વાક્ય યાદ રાખ્યું હતું. 'મારી ઈચ્છામાં રાણીની ઈચ્છા પણ આવી જાય છે.' આ તેમને ગળે ઊતરતું નહોતું. આટલું મોટું રાજ્ય, તેનો સુખવૈભવ અને માનમહિમા છોડવા કોઈ સ્ત્રી તૈયાર થાય નહિ. પછીથી ભાવનગર ખાતે મહારાણી વિજ્યાબાને મળવાનું થયું, ત્યારે આ વાત આગળ ચાલી. આ દેવાંશી સન્નારીમાં પણ મનુબહેનને મહારાજા જેવી જ ઉમદા ત્યાગ-ભાવનાનાં દર્શન થયાં. તેમણે કહ્યું. 'પ્રજાનું હતું અને પ્રજાને આપ્યું ને ? એમાં કયો ઉપકાર કર્યો ? વળી પૂ. બાપુનાં ચરણે ધરવાનું અમને તો પરમ સદ્ભાગ્ય સાંપડ્યું.' મહારાણી વિજ્યાબાના આ શબ્દોને ઈતિહાસ કોઈક ખૂણે સાચવી રાખશે.

1948ના જાન્યુઆરીની 15મી તારીખે મહારાજા કૃષ્ણકુમારસિંહજીએ ભાવનગરમાં જવાબદાર રાજ્યતંત્રની ઘોષણા કરી. સરદાર વલ્લભભાઈ પટેલે તે સમારંભમાં ઉપસ્થિત રહી મહારાજાની ત્યાગભાવનાને બિરદાવી. મહારાજાએ સમગ્ર સૌરાષ્ટ્રનું સંયુક્ત રાજ્ય રચાય, તેમાં સંમતિ આપી દીધી હતી. પછીના થોડા મહિનામાં સરદાર પટેલનો એ સંકલ્પ પણ સિદ્ધ થયો. દેશની એકતા અને અખંડિતતાની દિશામાં મહારાજાનું પગલું એક પવિત્ર અને વિરાટ કાર્ય બની રહ્યું.

## • ટિપ્પણ

**પરવાર્યા છે** કામ પૂર્ણ કરી લીધું છે **અંતેવાસી** પાસે રહેનારું **વાઈસરૉય** રાજાનો પ્રતિનિધિ, દેશનો હાકેમ **દરકાર** પરવા, કાળજી **સુરવાળ** પાયજામો, ચોરણો **ફરની ટોપી** રૂંવાટીવાળા ચામડામાંથી બનાવેલી ટોપી. **દીવાન** વજીર, પ્રધાન **મંત્રણા** ખાનગી મસલત **રિયાસત** રાજ્ય, જાગીર, દેશીરાજ્ય સત્તા, અધિકાર **કરાર** કબૂલાત, ઠરાવ **સલ્તનત** રાજ્ય, પાદશાહ **ઉપખંડ** મોટા ખંડનો નાનો કે પેટાખંડ, પ્રદેશ **નિર્લેપ** અનાસક્ત, લેપાયા વગરનું **મુદ્રાલેખ** અગ્રલેખ, આદર્શસૂચક વાક્ય **સાલિયાણું** વર્ષાસન, વાર્ષિક વેતન

## • રૂઢિપ્રયોગ

**મન માનવું** - તૈયાર થવું, સંમત થવું

**સદ્ભાગ્ય સાંપડવું** - પુણ્ય કાર્ય મળવું

# 5. ચાલો મળવા જઈએ !

**વિનોદિની નીલકંઠ**

રમણભાઈ નીલકંઠનાં સુપુત્રી વિનોદિનીબહેન ગુજરાતી સાહિત્યમાં લેખિકા તરીકે નોંધપાત્ર સ્થાન ધરાવે છે તેમણે વાર્તા અને નિબંધ ક્ષેત્રે પ્રદાન કર્યું છે. સ્ત્રીજીવન તથા કુટુંબજીવનને લગતા લેખો ને વાર્તાઓમાં એમને સ્ત્રી-લેખકની વિશિષ્ટ દૃષ્ટિ મળી છે. બહુ સુંદર રીતે એ હળવા કટાક્ષ કરી શકે છે ને સાવ સાદા નિરૂપણને પણ વેધક બનાવે છે. 'આરસીની ભીતરમાં', 'રસદ્વાર', 'કાર્પાસી અને બીજી વાતો', 'કદલીવન' વગેરે એમની કૃતિઓ છે.

'ચાલો મળવા જઈએ' નામનો આ વાર્તાલાપ આપણી વિચિત્રતા, અતડાપણું, જડતા અને અસંસ્કારી વૃત્તિ પર પ્રકાશ ફેંકે છે. મળવાનો તો લહાવો છે, તેથી માણસ કેટલું બધું મેળવી શકે છે ! સંસ્કૃતમાં આ માટે 'બહુશ્રુત' શબ્દ છે. ઘણાઓને મળીને જેણે ઘણું ઘણુ સાંભળ્યુ-જાણ્યું છે તે બહુશ્રુત. પણ આપણામાંથી ઘણા મૂંગાભાઈ કે મૂંજીબાઈ હોય છે. સમાજના એક અંશ તરીકે, સંસ્કારી વ્યક્તિને શોભે તેવી રીતે આપણે કેમ વર્તવું જોઈએ, સંયમ તથા ઉલ્લાસ કેવી રીતે કેળવવા જોઈએ, તે આ રસભર્યો નિબંધ સચોટ રીતે કહી જાય છે.)

આપણે સહુને કર્મે છેવટે જુદાઈ તો લખેલી જ છે, એમ સમજીને આપણે મિલનને-મળવાને વધુ મહત્ત્વ આપીએ છીએ, એમ બને ખરું ? માણસોનો સ્વભાવ ટોળાબંધ રહેવાનું પસંદ કરે છે, અને જોકે દરેકને પોતાનું કુટુંબરૂપી ટોળું હોય છે જ, છતાં વળી તે બીજા ટોળાંઓમાં સભ્ય થવા સતત મથ્યા જ કરે છે; અને તેથી મનુષ્ય કાયમ બીજા લોકોને મળવા જવામાં ગૂંથાયેલો રહે છે.

આપણાં ગામડાંઓમાં આવી રીતે મળવા જવાનો રિવાજ છે કે નહિ તે હું જાણતી નથી. મળવા જવું, એટલે કાંઈ પણ કામકાજ વગર અંગ્રેજીમાં જેને Social Call કહે છે, તે રીતે મળવા જવા વિષે હું વાત કરું છું. અંગ્રેજોની ભાષાના શબ્દ ઉપરથી તે લોકોનો આ સંબંધનો એક વિચિત્ર રિવાજ યાદ આવી ગયો છે, તે વિશે કહી લઉં. અંગ્રેજો પોતાના ઘરને દરવાજે કે આગલી દીવાલ ઉપર ઘરમાં નથી - Not at home'ના અક્ષરવાળી નાની પેટી રાખે છે. હવે ગામમાં કોઈ નવો રહેનારો આવે છે, તે ત્યાંના કોઈ વતનીઓને તો ઓળખે નહિ, અને એ લોકોમાં તો રિવાજ કે પરસ્પરની ઓળખાણ થયા વગર વાતચીત જ ન થઈ શકે. અજાણ્યાને નવા ગામમાં કોણ ઓળખે કે ઓળખાવે ? તેથી પેલી Not at homeની પેટી તે કામ બજાવે છે. નવો આગંતુક પોતાના નામનાં કાર્ડ - Visiting Card- લઈ ને દરેકને ઘેર પેલી પેટીમાં તે નાખી આવે, અને પછીતે નવા આવેલા ગૃહસ્થને બધાં પોતપોતાને ઘેર ચા પીવા બોલાવે અથવા તેને મળવા જાય. ઓળખાણ કરાવવાને - Introduction -એ લોકો કેટલી હદ સુધી મહત્ત્વ આપે છે, તે સાંભળો. એક વાર એક માણસ નદીમાં ડૂબી જતો હતો. તેને જોઈ કિનારે ઊભેલો અંગ્રેજ બૂમાબૂમ પાડીને કહેતો હતો : 'અરે કોઈ મને પેલા ડૂબતા સાથે પિછાણ (introduce) કરાવો, તો હું એને બચાવી શકું.' આપણા દેશમાં એ રીતે સારું છે. કોઈ ત્રીજા માણસની દખલગીરી વગર બે

માણસો ખુશીથી નવી ઓળખાણ કરી લે છે. પુરુષો હોય તો ક્યાં રહેવું ? શો ધંધો ? શી કમાણી ? શો વિસ્તાર ? બધું પહેલી બે મિનિટમાં બંને એકબીજાને પૂછી લે છે અને બે સ્ત્રીઓ પહેલી વાર મળે તો શી ન્યાત છો ? ક્યાં રહેવું ? સાસરુંપિયર ક્યાં ? શાં છોકરાં ? દિયર, જેઠ કેટલા ? ભેગાં છો કે જુદાં વગેરે બે નહિ પણ એક જ મિનિટમાં જાણી લે છે અને પછી તો સંસ્કૃતમાં કહેવત છે. सर्वधमाभाषणपूर्व माहु : કે વાતચીત થઈ એટલે મૈત્રી થયેલી જ ગણાય એ રીતે 'આવજોને, આપણે ઘેર !'નું આમંત્રણ અપાઈ જાય છે.

કેટલાક લોકો પારકાને ઘેર સાવ સરળતાથી ભળી જઈ શકે છે. પહેલી જ વાર ગયા હોય તો એ 'ભાભી, ચાની માથાકૂટ ના કરશો; આપણે તો રહ્યા સાધુરામ, દૂધ હશે તોય ચાલશે. જરા કેસર, એલચી, બદામપિસ્તાં નાખી દેજો ને, એટલે પત્યું' એમ કહી દે છે. વળી, કેટલાક મળવા આવનારા છેક રસોડાને ઊમરે આવીને જ ઊભા રહે છે, – 'ભિક્ષાં-દેહિ' કહેતા બ્રાહ્મણ માફક–અને અરધું હસવામાં અને અરધું ખાવા બેસવાની દાનતથી કહે છે, 'કેમ બહેન, તમારી રસોઈ ખુટાડવા આવું ને ?' મેં જોયું છે કે મુંબઈનાં પરાંઓમાં ગૃહિણીઓ આને મોટામાં મોટી હાસ્યરસની છોળ સમજે છે અને તે ઉપર વારી જઈ, પેલા ભૂખ્યા ભાઈને જમવા બેસાડી દે છે. આ રીતે જમવું તથા જમાડવું. તે બે ક્રિયાઓમાં એ લોકોનો 'ખૂબ મઝા'નો ખ્યાલ સમાઈ જાય છે.

હવે મુંબઈનાં પરાંઓની વાત નીકળી છે ત્યારે એક બીજું પણ કહી નાખું. ત્યાં રવિવારની સવાર એ મળવા જવાનો ખાસ દિવસ અને સમય ગણાય છે. તે દિવસે દરેક જણ એકબીજાંને ઘેર મળવા જાય, એવો અણલખ્યો પણ પરાંઓનો કાયદો જ છે; અને તે પણ રોજને વેશે નહિ. વેશપલટો કરીને જવું એ વધારે યોગ્ય ગણાય છે રોજ પાટલૂન પહેરનારા ધોતિયું પહેરે, ધોતિયું પહેરનારા ચૂડદાર સુરવાલ ચડાવે, સુરવાલ પહેરનારા વળી અરધી પાટલૂનમાં નીકળી પે ! ટોપીવાળા હેટ અને હેટવાળા સાફો બાંધે ને સાફાવાળા ઉઘાડે માથે ! આ વેશપલટામાં કાંઈ નિયમ કે ધારાધોરણ છે કે નહિ તેની મને પૂરી માહિતી નથી. પતિપત્ની અલબત્ત મુંબઈગરાં હોઈ સાથે-સજોડે-નીકળે છે તેથી રોજ વહેલું ને ઉતાવળું રાંધનારી પરાંની પત્નીને રવિવારે સવારે પણ ઝટપટ રસોઈ પતાવી, અરધી રામાને સોંપીને નીકળી જવું પડે. પત્નીને માટે વેશપલટો જરૂરી ગણાતો નથી.

મળવા પછી ચાનાસ્તો તો ખરો જ. ગઈ કાલે કઈ ફિલ્મ જોઈ; કઈ લોકલટ્રેનમાં ગયાં, અને શેમાં પાછાં આવ્યાં; ફાસ્ટટ્રેન મળી હતી કે નહિ, તે વિશે જબરો વાર્તાલાપ જામે. મુંબઈનાં પરાંમાં શનિવારે ફિલ્મ જોવા જવાનો ખાસ રિવાજ છે. પુરુષો કામથી વહેલા પરવારે, અને પત્નીઓ માથે ઝાઝી દોરડી ને થોડાં ફૂલવાળી વેણી બાંધી મુંબઈ જાય, અને પછી ફિલ્મ જોવાય. આ ફિલ્મ જોવા માટે ફ્રીપાસ મેળવવા માટે ઘણાં પરાંવાસી સ્ત્રીપુરુષો તનતોડ મહેનત કરે. તેની અપેક્ષામાં ટ્રામ, બસને વિક્ટોરિયા અને જરૂર પડે, તો ટૅક્સીનાં ભાડાં પણ ખરચે, જેથી સરવાળે તો સિનેમાની ટિકિટ ગાંઠને પૈસે લેવી પણ સસ્તી પડે. હવે હું મુંબઈનાં પરાંવાસીઓની નિંદા જ કરવા બેઠી છું, તો ભેગાભેગી મારી એક ગૂંચ પણ અહીં મૂકી દઉં. પરાંઓમાં દર રવિવારે સવારે બધાં જ એકબીજાંને ઘેર જાય, ત્યારે કોણ કોને ઘેર જઈ મળી શકતું હશે ? બધાં જ એકબીજાંને ઘેર જવા નીકળી પડ્યાં હોય, એટલે કોઈ પોતાને ઘેર તો હોય જ શાનું અમારા અમદાવાદની વળી જુદા જ ઢંગની વાત છે. અમદાવાદી તો કોઈને માગી તાળી પણ ન આપે, એ કહેવત કાંઈ ખોટી નથી. એટલે અમારે ત્યાં જો તમે કોઈને મળવા જાઓ તો (પછી ભલેને તમારા યજમાન લાખોપતિ કે કરોડપતિ પણ કેમ ન હોય !) તરત ભારે વિવેકથી તમને હળવે ગંભીર સાદે પૂછવામાં આવે કે 'પાણી પીશો ?' તમે બિનઅનુભવી કે બિનઅમદાવાદી હો, તો એટલા કાચા કે ના કહો –

એમ આશામાં કે પાણી પીને શા માટે પેટ ભરવું ? પછી જે આવશે, તે માટે પેટમાં જગા ખાલી રાખવી ઠીક. પણ તમે પણ અમદાવાદી જ હો, અથવા નસીબસંજોગે અમદાવાદી બન્યા હો, તો તરત પાણીની હા પાડી દો – એમ સમજી જઈને કે જો ના પાડી તો પાણીમાંથી પણ રહી જઈશું. ઊઠતી વખતે સોપારી મળે. વધારે નસીબદાર હો તો પાનનું બીડું મેળવી શકો. આવા અમારા અમદાવાદી યજમાન !

પોતાની મેળે ચાલી-ચલાવીને મળવા આવેલા કેટલાક લોકો – જેમ આગળ કહ્યું, તેમ જેવી રીતે કદીક વધારે પડતી છૂટ લેનારા અને વાચાળ હોય છે, તેવી જ રીતે બીજે છેડે કેટલાક તેવા આગંતુકો છેક જ મૂગામંતર હોય છે. આપણે ઘેર મળવા આવે, અને એમ આશા રાખે કે આપણે એમને શોધીશોધીને સવાલો પૂછ્યા કરીએ. તે પોતે તો માત્ર 'હા' કે 'ના'ના એકાક્ષરી જવાબો આપવાની મહેરબાની કરે; અને જો ડોકું ધુણાવ્યે પતતું હોય તો હોઠ પણ ન ઉઘાડે. હવે આપણે યજમાન બન્યા, એટલે એ વણનોતર્યા મહેમાનની પણ, આપણી શકિત અનુસાર પરોણાગત તો કરવી પડે, એટલે આપણે વાતનો રેલો રેલાવીએ. અનાજની તંગીની બાબતમાં દરેક કાળા માથાનો માનવી સરકાર કરતાં વધુ ડાહ્યો, અને વધારે સારી યોજનાઓથી ભરપૂર મગજવાળો હોય છે, એટલે એ વાતમાં તો આ ભાઈ પણ કાંઈક ખીલશે, એમ માની આપણે એ વિષય સૌથી પ્રથમ છેડીએ. એક હસવા જેવી વાતનો દાખલો આપી, આપણે શરૂ કરીએ. પણ પેલા ભાઈ મૂંગા તો ખરા જ, ને સાથે લાગે વળી, મૂંજી પણ ખરા ! એટલે હસે પણ નહિ ને બોલે પણ નહિ ! ઠીક, રેશનિંગની વાત તમને ન ગમી તો સિનેમાની વાત કરીએ. ફલાણી ફિલ્મ તો જોઈ હશે ? ઢીંકણી જોઈ ? જવાબમાં માત્ર 'હા' કે 'ના' – અને તેમાં પણ વધારે વખત 'ના' વારુ ત્યારે મૂંગાભાઈ, રાજકીય વિષય છેડીશું ? વસતિની ફેરબદલીની વાત કરીશું ? પણ મૂંગાભાઈ તો એકાગ્રચિત્તે અમારી ખુરશીની ગાદી પર જડેલાં બટનો ખેંચીખેંચીને તોડી નાખવામાં રોકાયેલા હોઈ પાકિસ્તાન-હિન્દુસ્તાની ખૂનામરકીમાં રસ લઈ શકતા નથી. વારુ ભાઈ, ત્યારે કાંઈ પીશો ? ચા નથી પીતા, તો દૂધ, કૉફી, કોકો, શરબત ? કશું જ નહિ ? છેવટે આપણે હવે માત થઈ ચૂપ બેસી રહીએ છીએ. વળી વિચાર આવે છે કે કદાચ આ ભાઈ કાંઈ ખાસ કારણે આવ્યા હશે. અને આપણા વધુ પડતા લવારાથી સંકોચાઈને તક ન મળવાથી ચૂપ બેઠા હશે, પણ પાંચ-દસ-પંદર મિનિટ પસાર થવા છતાં તેમનું મૌન તૂટતું નથી. 'હું જઈશ' એટલું પણ એ બોલતા નથી; છેવટે આપણે કહેવું પડે છે, 'ચાલો ત્યારે મૂંગાભાઈ, મળીશું કોઈ વાર.' (જમને ઘેર-એટલું આપણે મનમાં ગણગણીએ છીએ) ત્યારે તે વિદાય થાય છે અને આપણે કેવો છુટકારાનો દમ ખેંચી હા...શ કરીએ છીએ !

કેટલીક એવી મૂંગી-મૂંજી બાઈઓ પણ હોય છે. ચાહીને આપણને પોતાને ઘેર તેડાવે છે, અને પછી એક અક્ષર પણ બોલવાની જાણે બાધા ! એટલે આપણે વાતો શરૂ કરીએ; ઘર મળવાની મુશ્કેલી નોકરચાકરની મુશ્કેલી, પણ મૂંજીબાઈ શાની બોલે ? તોબરા જેવું મોઢું ચડાવીને બેસી રહે અને હા કે નામાં જ જવાબ દે વારુ ત્યારે મુશ્કેલીઓની વાત પડતી મૂકો. છોકરાં-તમારા પેટનાં છોકરાંની વાત તો તમને ગમશે જ ! તમારો બાબો બહુ મઝાનો લાગે છે હો ! અરે બાઈ, જરા મોઢું તો મલકાવો. તમારા રીતભાત વગરના, મેલાઘેલા અને નાગાપૂગા છોકરાને મઝાનો કહું છું ને ! નહિ ? વારુ ત્યારે જવા દો. કપડાંની વાત કઈ સ્ત્રીને નથી ગમતી ? સરોજિની નાયડુ તથા વિજ્યાલક્ષ્મી પંડિત આગળ પણ જો સાડીની વાત નીકળે તો સ્વરાજ્ય, સ્ત્રીના હક્ક વગેરે બધુ જ ભૂલી, સાડીની વાતમાં તલ્લીન બની જાય છે એ તો સ્વાનુભવ છે. એટલે હું આ મૂંજીબાઈને પૂછું છું, 'બહેન, તમારી સાડી સરસ છે. હાથબનાવટની લાગે છે.' 'હા !' ટૂંકોટચ જવાબ. કદાચ તને વધારે બુદ્ધિપ્રધાન વિષયની

વાતો ગમતી હશે. ચાલો, ત્યારે તે અજમાવી જોઉં, ‘તમે હાલ કંઈ વાંચો છો ખરાં ?’ ‘ખાસ નહિ.’ ખસિયાણા પડી જવાય તેવો જવાબ મળ્યો. ગમે તેવી સ્ત્રી હોય, પણ તેના પિયરની વાત એને બહુ મીઠી લાગે છે, માટે તે પૂછીએ. ‘તમારું પિયર કયે ગામ ?’ જવાબ : ‘અહીં જ છે.’ જાણે આપણું જ પિયર અણધાર્યું ગામમાં હાથ લાગી ગયું હોય એવો હર્ષ બતાવી આપણે કહીએ, ‘ત્યારે તો મઝા ! તમે તો ઘડી ઘડી જતાં હશો.’ ‘જઈએ.’ બાઈ ઉમળકા વગર જવાબ દે છે અરે ભલી બાઈ ! તેં મને શું કરવા-કયા ગુનાની શિક્ષા તરીકે તારે ઘેર તેડી છે ? આપણે મનમાં જ પૂછીએ છીએ, છેવટ વહેલામાં વહેલી તકે ઊઠીને રસ્તે પડીએ છીએ.

કેટલાક મળવા આવનાર એવા હોય છે કે કોઈને ઘેર જઈને મહેમાનને બદલે યજમાન બની જાય છે ! સારામાં સારા આસન ઉપર ખૂબ આગ્રહપૂર્વક આપણને બેસાડે છે. તાપ હોય તો પંખો આપે, વાતો કરવાનો ઈજારો પણ પોતે જ હાથમાં રાખે અને ખાવાનું હોય, તો આપણે બદલે તે જ સૌને આગ્રહ કરી ખવડાવે, આપણને પણ તેવો જ આગ્રહ કરે ! વળી, બીજા પ્રકારના મળવા આવનારા હદપાર નિખાલસ સ્વભાવવાળા હોય છે, જેથી વાતો આપણે છેક નિકટના જ મિત્રોને કરીએ તેવી વાતો આ પ્રકારના મનુષ્યો પહેલી જ મુલાકાતે કરે છે. કેટલાક પહેલી મુલાકાતે ખૂબ આગ્રહ કરીને પોતાની છબી પણ ભેટ આપે છે ! એક બહેને પહેલી જ ઓળખાણે મને છબી અને એક બાટલો ભરીને માથામાં નાખવાનું મેંદીનું તેલ ભેટ આપેલું. એક બહેને પહેલી જ વાર કોઈ મેળાવડામાં મળ્યાં, ત્યારે પોતાને નણંદ સાથે કેવી લડાઈ છે, પોતાનાં કાકી કેવા હલકટ સ્વભાવનાં છે, કેવી રીતે લડીને જુદાં પડ્યાં હતાં, તેનું સવિસ્તાર બયાન કર્યું હતું.

ગુંદરિયા મહેમાનો વિશે તો ઘણું જ કહેવાઈ ગયું છે, તેથી તેમને વિશે હું કશું જ નથી કહેતી, કારણકે તેવા મહેમાનો જે કંટાળો આપે છે, તે કરતાં પણ તેવા મળવા આવનારાઓ વિશેની વાતો - Jokes - વગેરે વધારે કંટાળો આપે છે

કેટલાક સ્ત્રીપુરુષો પોતાનાં બાળકોમાં એવાં રચ્યાંપચ્યાં હોય કે આપણે ઘેર મળવા આવે, અથવા આપણે એમને ઘેર જઈએ તોપણ પોતાનાં છોકરાઓ સિવાય કોઈની વાત જ નથી કરી શકતાં. એમનો બાબો ‘જે-જે’ કરે, કાલુંઘેલું બોલે, એમની બેબી નાચ કરે, ગરબા ગાય, તેને વિશે તેમને હૈયે જો આનંદ તથા ગર્વનો ઊભરો આવે, તોપણ તેને પોતાના કુટુંબમાં જ તે સમાવી દેવા પ્રયત્ન કરવો ઘટે છે. પારકાંને તે વાતોમાં કશો જ રસ ન પડે, ઊલટો કંટાળો આવે, તે કેમ કોઈ માબાપ નથી સમજતાં ? આપણે પોતે પણ તે અનેક વાર ભૂલી જઈએ છીએ !

## • ટિપ્પણ

- આ પાઠના નવા અથવા અઘરા શબ્દોના અર્થ શબ્દકોશમાંથી જોઈને તારવો.
- આ પાઠનાં લેખિકાનો વિશેષ પરિચય શિક્ષકની મદદથી મેળવો.

• • •

મારી નોંધ :

**મારી નોંધ :**

**મારી નોંધ :**

મારી નોંધ :

## મારી નોંધ :